# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હીમાં ભગવાન બુદ્ધ સાથે સંબંધિત પવિત્ર પિપ્રાહવા અવશેષોના આંતરરાષ્ટ્રીય પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે.

2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં ઉચ્ચ શિક્ષિત વ્યક્તિઓ અને વ્યાવસાયિકોની સંડોવણી પર ચિંતા વ્યક્ત કરી.

3) સરકારે કાપડ ઉદ્યોગ માટે–PLI યોજના હેઠળ નવી અરજીઓ રજૂ કરવાની અંતિમ તારીખ 31 માર્ચ સુધી લંબાવી

4) અમીરા અરશદે મહિલાઓની 10-મીટર એર રાઇફલ ઇવેન્ટમાં અને ઝુહૈર ખાને પુરુષોની ટ્રેપ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યા.

5) પુરુષોની અંડર-૧૯ ક્રિકેટમાં આજે ભારત - દક્ષિણ આફ્રિકા વચ્ચે પહેલી એક દિવસીય મેચ રમાશે

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-RELICS-WITH-V-C

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ભગવાન બુદ્ધ સાથે સંબંધિત પવિત્ર પિપ્રાહવા અવશેષોના ભવ્ય આંતરરાષ્ટ્રીય પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે.

પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે 1898માં શોધાયેલા પિપ્રાહવા અવશેષો પ્રારંભિક બૌદ્ધ ધર્મના પુરાતત્વીય અભ્યાસમાં કેન્દ્રિય સ્થાન ધરાવે છે.

પ્રસ્તુત છે એક અહેવાલ....

## VC: NIKITA

*આ પ્રદર્શન નવી દિલ્હીના રાય પિથોરા સાંસ્કૃતિક સંકુલમાં યોજાશે. પ્રદર્શન થકી પીપ્રાહવાથી એક સદી કરતાં વધુ સમય બાદ પરત લાવયેલા પીપ્રાહવા અવશેષોને એકસાથે લવાશે જે નવી દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલય અને કોલકાતાના ભારતીય સંગ્રહાલયના સંગ્રહમાં સચવાયેલા છે. આ પ્રદર્શન ભગવાન બુદ્ધના ઉપદેશો સાથે ભારતના ઊંડા અને સતત સભ્યતા સંબંધને પ્રકાશિત કરશે અને ભારતના સમૃદ્ધ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને જાળવવા માટેની પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરશે.*

*નિકિતા શાહ, આકાશવાણી સમાચાર અમદાવાદ....*

# RAJNATH-SINGH-UDAIPUR

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે ઉચ્ચ શિક્ષિત વ્યક્તિઓ અને જાણીતા વ્યવસાયોમાં કામ કરતા લોકો, રાષ્ટ્ર વિરોધી અને સમાજ વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ છે તે ખૂબ જ ચિંતાનો વિષય છે.

## BYTE: RAJNATH-SINGH-UDAIPUR

ઉદયપુરમાં એક કોલેજના સ્થાપના દિવસ સમારોહને સંબોધિત કરતાં શ્રી સિંહે જણાવ્યું કે શિક્ષણની સાથે ચારિત્ર્ય નિર્માણ અને નૈતિક વિચારસરણી મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું કે જો કોઈ વ્યક્તિમાં માનવીય મૂલ્યો અને રાષ્ટ્ર પ્રત્યે પ્રતિબદ્ધતાનો અભાવ હોય તો માત્ર ઉચ્ચ શિક્ષણ પૂરતું નથી.

# VAISHNAW-SHANTI-BILL

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે ડેટા સેન્ટરોની વિશાળ ઉર્જા માંગને પહોંચી વળવા નાના અને મોડ્યુલર પરમાણુ રિએક્ટર શક્ય અને વ્યવહારુ ઉકેલો પ્રદાન કરે છે.

નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું કે, પરિવર્તનશીલ ભારત માટે શાંતિ વિધેયક પસાર થવાથી, દેશ હવે ઉભરતી AI-આધારિત અર્થવ્યવસ્થાને શક્તિ આપવા સંપૂર્ણપણે તૈયાર છે.

શ્રી વૈષ્ણવે કહ્યું, નવી ડિઝાઇન 14 એકર જમીન પર પણ પરમાણુ ઉર્જા પ્લાન્ટ સ્થાપવા સક્ષમ બનાવે છે અને પરમાણુ ઉર્જા પ્લાન્ટનો ઉપયોગ રેલ્વેની કામગીરી માટે પણ થઈ શકે છે.

## TEXTILE - PLI SCHEME

સરકારે કાપડ ઉદ્યોગ માટે પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ –PLI યોજના હેઠળ નવી અરજીઓ રજૂ કરવાની અંતિમ તારીખ આગામી 31 માર્ચ સુધી લંબાવવાની જાહેરાત કરી છે.

કાપડ મંત્રાલયે જણાવ્યું કે આ નિર્ણય ભારતના કાપડ ક્ષેત્રમાં વધતા રોકાણકારોના વિશ્વાસ પર ભાર મૂકે છે અને પાત્ર અરજદારોને વધારાનો સમય આપીને વ્યાપક ભાગીદારીને સરળ બનાવવાનો છે.

મંત્રાલયે માહિતી આપી કે, ગયા વર્ષે ઓગસ્ટમાં એપ્લિકેશન પોર્ટલ ફરીથી ખોલવામાં આવ્યું, ત્યારથી ટેક્સટાઇલ કંપનીઓ દ્વારા દરખાસ્તો રજૂ કરાઇ હતી.

## MP--CONTAMINATED-WATER

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે ઇન્દોરમાં દૂષિત પીવાના પાણીની ઘટના અંગે રાજ્ય સરકારના અધિકારીઓ દ્વારા લેવાયેલા પગલાંની સમીક્ષા કરી. મુખ્યમંત્રીએ ઇન્દોર મહાનગર પાલિકાના કમિશનર અને એડિશનલ કમિશનરને કારણદર્શક નોટિસ જારી કરી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે ઇન્દોરની ઘટના બાદ રાજ્યના અન્ય વિસ્તારોમાં સુધારાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે. સંબંધિત અધિકારીઓને સમયબદ્ધ કાર્ય યોજના તૈયાર કરવા પણ નિર્દેશ આપવામાં આવ્યો છે.

## ECI-MEDIA-AWARDS

ચૂંટણી પંચે વર્ષ 2025 માટે મતદારોના શિક્ષણ અને જાગૃતિ પર શ્રેષ્ઠ અભિયાન માટે મીડિયા પુરસ્કારો માટે પ્રવેષ્ટીઓ આમંત્રિત કરી છે. આ પુરસ્કારોનો ઉદ્દેશ્ય ચૂંટણી ભાગીદારી અને સુલભ ચૂંટણીઓ વિશે જાગૃતિને પ્રોત્સાહન આપવામાં મીડિયા સંગઠનોના ઉત્કૃષ્ટ યોગદાનને માન્યતા આપવાનો છે.

આ પુરસ્કારો પ્રિન્ટ, ટેલિવિઝન, રેડિયો અને ઓનલાઈન મીડિયા સહિત ચાર શ્રેણીઓમાં અપાશે.

વધુમાં, પંચે નવા સ્થાપિત મીડિયા શ્રેષ્ઠતા પુરસ્કારની જાહેરાત કરી છે. પંચે આ શ્રેણી હેઠળની બધી ભલામણો અને નામાંકનો આગામી 7મી તારીખ સુધીમાં રજૂ કરવા જણાવ્યું છે.

## KOLKATA FIR

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીઓને સસ્પેન્ડ કરાયેલા પાંચ અધિકારીઓ સામે FIR દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

આ અધિકારીઓ પર મતદાર યાદીમાં ખોટા અથવા અસ્તિત્વમાં ન હોય તેવા મતદારોના નામ ગેરકાયદે રીતે સામેલ કરવાના આરોપ છે.

**ચૂંટણી પંચે અગાઉ આ અધિકારીઓના બરતરફ કરવાનો અને રાજ્યના મુખ્ય સચિવને તેમની સામે FIR નોંધવા નિર્દેશ આપ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા કોઈ FIR દાખલ કરવામાં ન આવતા ચૂંટણી પંચે હવે આ કાર્યવાહી કરી છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# COAL-PRODUCTION

**કોલસાના ઉત્પાદન અને પરિવહનમાં ગયા મહિને સતત વધારો નોંધાયો છે. કોલસા મંત્રાલયે અહેવાલ આપ્યો કે ડિસેમ્બર 2025માં ઉત્પાદન 1.948 મિલિયન ટન હતું, જ્યારે આ જ સમયગાળા દરમિયાન કોલસાનું પરિવહન 18 મિલિયન ટનથી વધુ નોંધાયું હતું. આ ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ઉત્પાદનમાં 5.75 ટકાનો વાર્ષિક વધારો દર્શાવે છે.**

# IMD-WARNING

હવામાન વિભાગે આજે દિલ્હી, હરિયાણા, પંજાબ અને ચંદીગઢમાં ગાઢ થી ખૂબ જ ગાઢ ધુમ્મસની સ્થિતિને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે. દરમિયાન હિમાચલ પ્રદેશમાં અલગ અલગ સ્થળોએ ઠંડીનુ મોજૂ ફરી વળવાની અને ઉત્તરાખંડમાં બરફવર્ષાની આગાહી છે.

આગામી સોમવાર સુધી પૂર્વ ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને બિહારના અલગ અલગ વિસ્તારોમાં ઠંડી યથાવત રહેશે.

# CAQM-GRAP-STAGE

અનુકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે હવાની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયા બાદ, રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર અને સંલગ્ન વિસ્તારોમાં હવા ગુણવત્તા વ્યવસ્થાપન કમિશને તાત્કાલિક અસરથી ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાનના ત્રીજા તબક્કાને રદ કરી દીધો છે.

આ સાથે હવે ખાનગી બાંધકામ, ખાણકામ અને સંલગ્ન કામગીરી તાત્કાલિક ફરી શરૂ થઈ શકે છે. આ ક્ષેત્રમાં કાર્યરત જૂના BS-3 પેટ્રોલ અને BS-4 ડીઝલ વાહનો પરના નિયંત્રણો પણ સ્ટેજ 3 હેઠળ લાદવામાં આવેલા અન્ય વાહનોના નિયંત્રણો સાથે હટાવવામાં આવ્યા છે.

# DRUGS-INDO-PAK BORDER

રાજસ્થાન પોલીસે 20 કરોડ રૂપિયાનો માદક દ્રવ્યનો જથ્થો પકડી પાડ્યો છે. શ્રી ગંગાનગરના પોલીસ અધિક્ષક (SP) અમૃતા દુહનેના જણાવ્યા અનુસાર, માદક દ્રવ્ય - હેરોઈનનો જથ્થો પાકિસ્તાનથી ડ્રોન દ્વારા મોકલવામાં આવ્યો હતો.

વધુ વિગતો આપતા જણાવ્યું કે ગઈકાલે રાત્રે, રાવલ પોલીસ સ્ટેશનની પોલીસ ટીમ નિયમિત પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે તેમને નહેર કિનારે શંકાસ્પદ રીતે ત્રણ યુવાનો દેખાયા. પોલીસ વાહનને જોઈને, તેઓએ ભાગવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમને પકડી લેવામાં આવ્યા.

શોધખોળ દરમિયાન, પોલીસને ત્રણ પેકેટમાં પેક કરાયેલ 4 કિલો 88 ગ્રામ હેરોઈન અને એક DJI ડ્રોન મળી આવ્યું. NDPS એક્ટ હેઠળ ત્રણેય આરોપીઓ સામે કેસ નોંધવામાં આવ્યો છે.

# CRICKET UNDER 19

પુરુષોની અંડર-૧૯ ક્રિકેટમાં આજે બેનોનીના વિલોમૂર પાર્ક ખાતે ત્રણ મેચની ODI શ્રેણીની પહેલી મેચમાં ભારત દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. આ શ્રેણી ૧૫ જાન્યુઆરીથી શરૂ થઈ રહેલા ICC અંડર-૧૯ વર્લ્ડ કપ પહેલા બંને ટીમો માટે તૈયારી કરવાની શ્રેષ્ઠ તક છે.

કાંડાની ઈજાને કારણે આયુષ મ્હાત્રે આ શ્રેણીમાં રમી શકશે નહીં, જેના સ્થાને વૈભવ સૂર્યવંશી ભારતીય ટીમનું નેતૃત્વ કરશે.

# SHOOTING- GOLD

હરિયાણાની અમીરાહ અરશદે ભોપાલમાં 68મી રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશિપમાં 10 મીટર એર રાઇફલ મહિલા ફાઇનલમાં રેલવેની રાજશ્રી અનિલકુમાર સંચેતીને હરાવીને જીત મેળવી.

નવી દિલ્હીમાં ડૉ. કરણી સિંહ શૂટિંગ રેન્જમાં, ઉત્તર પ્રદેશના ઝુહૈર ખાને પુરુષોનો ટ્રેપ સુવર્ણ ચંદ્રક જીત્યો. ઉત્તરાખંડના શપથ ભારદ્વાજે રજત અને ઓલિમ્પિયન કૈનન ચેનાઈએ કાંસ્ય ચંદ્રક જીત્યો.

જુનિયર ઇવેન્ટ્સમાં, કર્ણાટકની તિલોત્તમા સેને 10 મીટર એર રાઇફલ જુનિયર અને યુથ વિમેન્સ ફાઇનલમાં બે સુવર્ણ ચંદ્રક જીત્યા.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ ઈરાનમાં સરકાર વિરોધી પ્રદર્શન અને ઇન્દોર જળકાંડને પ્રથમ પાને છાપ્યા છે.
- નવગુજરાત સમય લખે છે, ઈરાનમાં સરકાર વિરોધી પ્રદર્શન હિંસક બનતા 7ના મોત
- સંદેશ લખે છે ઈરાનમાં દેખાવકારોની હત્યા સામે ડોનાલ્ડ ટ્રમ્પની ધમકી અને
- ગુજરાત સમાચારએ લખ્યું કે, ઇન્દોરમાં જળકાંડ-- 3000 હોસ્પિટલમાં 34 આઈસીયુમાં
- સંદેશ લખે છે ઇન્દોર દુષિત પાણીથી 15 મોત મ્યુનિસિપલ કમિશનરનો ખુલાસો મંગાયો
- સાથે જ સ્થાનિક સમાચારમાં સુરેન્દ્રનગરના પૂર્વ કલેકટર રાજેન્દ્ર પટેલની જમીન કૌભાંડમાં ધરપકડ અને એક જ વર્ષમાં ભ્રષ્ટાચારના 213 ગુના વર્ગ એકના 13 અધિકારી ઝડપાયા આ સમાચાર પણ વાંચવા મળે.